**રાજકોટના મહે. ૭ માં અધિક સીવીલ જજ અને જયુડી. મેજી. ફ.ક., સાહેબની કોર્ટમાં,**

**ફોજદારી કેસ નંબર ૬૧૬૭૩/૨૦૨૫**
**આંક :**

ફરીયાદી:– શ્રી સરકાર.

**વિરૂધ્ધ**

આરોપી:– રજનીભાઇ વિનોદરાય જસાણી

**ગુન્હો : એમ.વી.એકટ ૧૮૫ તથા પ્રોહી. કલમ ૬૬(૧)બી**

(૧)..ફરીયાદપક્ષનાં આક્ષેપ મુજબ આરોપી કોઈ પણ જાતના પાસ પરમીટ કે આધાર વગર કેફી પ્રવાહી પીધેલ હાલતમાં પોતાના કબજાવાળી સફેદ કલરની એક્ટીવા મો.સા. જેના રજીસ્ટ્રેશન નં.GJ–03–DJ–2222 જાહેરમાં સર્પાકાર ચલાવી મળી આવતા પ્રોહી. કલમ ૬૬(૧)બી તથા એમ.વી.એકટની કલમ – ૧૮૫ મુજબનો ગુન્હો કરેલ છે.

(૨).. આરોપી અદાલત સમક્ષ ઉપસ્થીત થતા, આરોપીને પોલીસ પેપરોની નકલો આ પ્યા બાદ આરોપીએ પોતાનો ગુન્હો કબુલ છે, તેવી પુરસીસ રજુ કરતા અદાલતે તમો ગુનો કબુલ કરવા બંધાયેલ નથી છતા પણ જો ગુનો કબુલ કરશે તો તેને મહત્તમ સજા થઈ શકશે તેવી સમજ આપેલ. ઉપરોકત સ્પષ્ટ સમજ આપ્યા બાદ આરોપીની પ્લી નોંધવામાં આવી જેમા પણ આરોપીએ ગુન્હાની કબુલાત આપી ઉપરોકત કબુલાત સ્વેચ્છાપુર્વક આપેલ છે તેની ખાતરી થયા બાદ આરોપીને થનાર સજા અંગે સાંભળ્યા.

(૩)..આરોપીએ ગુનાની કબુલાત સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકિત કરેલ હોય પોતાને અહેસાસ થયાનું જણાવેલ હોય, તેમજ ભવીષ્યમાં આવા પ્રકારનો ગુનો કરશે નહી તેવી નામદાર કોર્ટને બાંહેધરી આપી આ પોતાનો પ્રથમ જ ગુનો હોય યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે. આ કામનાં આરોપી

ગુન્હાનો એકરાર કરેલ હોય આરોપીને સજા કરવી જોઈએ તેમ હું માનું છું પરંતુ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતા તેમજ આરોપી પક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલ રજુઆતો લક્ષમાં લેતા આરોપીની સામેના ગુનાનો તેમજ રજુઆતને લક્ષમાં લેતા ન્યાયનાં હીતમાં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આ કામના આરોપીને ક્રિ. પ્રો. કોડ કલમ – ૨૫૨ [ બી.એન.એસ.એસ. કલમ ૨૭૫]અન્વયે પ્રોહી. કલમ ૬૬(૧)બી તથા એમ.વી.એકટની કલમ – ૧૮૫ ગુના માટે તકસીરવાન ઠરાવી રૂા. ૫૦૦ /– ( અંકે રૂપીયા પાંચસો પુરા) નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે, અને દંડ ભરવામાં કસુર કરે તો વધુ દિન – ૦૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૧૩ મી, માંહે : ડીસેમ્બર , સને ૨૦૨૫ ના રોજ યોજાયેલ લોકઅદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : રાજકોટ
તારીખ : ૧૩/૧૨/૨૦૨૫

**( અભય સંજય ખંડેલવાલ )**
જ્યુડી. મેજી. ફ.ક. રાજકોટ
U.I.C. NO. GJ01662

**ફોજદારી દંડ ની રકમ રૂા.૫૦૦/–**
**દંડની પહોચ નં............તા.. ૧૩/૧૨/૨૫**
**થી વસુલ લીધા**

**Nazir**
**C.J.M.Court,**
**Rajkot**